# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૪૮ તા.૩૦-૦૯-૨૦૨૪

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

આથી મ્યુનિ. શાળાઓને જણાવવાનું કે આપણે સૌ જાણીએ છીએ તેમ ગરવી ગુજરાતની ગરિમા સમા ગરબાનું આપણાં જીવનમાં અનેરુ મહત્ત્વ છે. ગુજરાતના રાસ-ગરબા તો માત્ર ભારતભરમાં નહીં પણ દેશ-વિદેશમાં પણ પ્રખ્યાત છે. ગુજરાતની આ અનોખી સંસ્કૃતિની પરંપરા ચાલુ રહે તે માટે આપણી શાળાઓ માટે 'ગરબા મહોત્સવ' નિમિત્તે રાસ-ગરબા સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે.

તમામ પ્રા.શાળાઓએ (ઉર્દૂ માધ્યમની શાળાઓ માટે સ્વૈચ્છિક) પોતાના ગરબાની એન્ટ્રી તા.૦૩-૧૦-૨૦૨૪ સુધીમાં બીટ સુપરવાઈઝરશ્રીને કરાવવાની રહેશે. ઝોન કક્ષાની સ્પર્ધા નીચે જણાવેલ સ્થળે યોજાશે.ઝોન કક્ષાની સ્પર્ધાની તારીખની જાણ ઝોનકક્ષાએથી કરવામાં આવશે.

| ક્રમ | ઝોન | સ્થળ |
|---|---|---|
| ૧ | ઉત્તર | એસ.આર.પી. શા.૨ |
| ૨ | દક્ષિણ -૧ | મણિનગર શા.૬ |
| ૩ | દક્ષિણ-૨ | બહેરામપુરા શા.૩ |
| ૪ | પૂર્વ | અમરાઈવાડી શા.૧૬ |
| ૫ | પશ્ચિમ ૧ | નારણપુરા શા.૧ |
| ૬ | પશ્ચિમ ૨ | કેશવનગર શા.૧ |

| ક્રમ | ઝોન | સ્થળ |
|---|---|---|
| ૭ | મધ્ય | પ્રિતમપુરા શા.૧ |
| ૮ | ઉત્તર - પશ્ચિમ | ચાણકય પ્રાથમિક શાળા |
| ૯ | દક્ષિણ- પશ્ચિમ | જોધપુર શાળા નં.૧ |
| ૧૦ | હિન્દી | સૈજપુર હિ.૧ |
| ૧૧ | અંગ્રેજી | એલિસબ્રીજ શા.નં.૨ |

ઝોન કક્ષાએ પ્રથમ નંબરની વિજેતા કૃતિએ(ગરબા / રાસ) શહેર કક્ષાની સ્પર્ધામાં ભાગ લેવાનો રહેશે.

શહેર કક્ષાની ગરબા સ્પર્ધા તા.૦૮-૧૦-૨૦૨૪ના રોજ સ્કાઉટ ભવન, પાલડી ખાતે ૯-૦૦ કલાકે રાખવામાં આવેલ છે. રાસ-ગરબા સ્પર્ધાના નિયમો નીચે મુજબ છે.

**નિયમો :-**

૧ રાસ-ગરબાની સ્પર્ધામાં ધો.૧ થી ૮ના બાળકો ભાગ લઈ શકશે.

૨ રાસ-ગરબાનો સમય વધુમાં વધુ ૪ થી ૫ મિનિટનો રહેશે.

૩ કૃતિમાં ૧૮ થી ૨૦ બાળકો હોવા જોઈએ.

૪ સીડી / પેનડ્રાઈવની મદદની ગરબો વગાડી શકાશે.

**ગુણાંકનઃ-**

| રાસ-ગરબાની અભિનય કળા | પહેરવેશ | તાલ સાથે સુમેળ | સમયપાલન | એન્ટ્રી-એક્ઝીટ | સમગ્ર છાપ | કુલ ગુણ |
|---|---|---|---|---|---|---|
| ૨૫ | ૫ | ૫ | ૫ | ૫ | ૫ | ૫૦ |

૧) આ સ્પર્ધામાં શહેર કક્ષાએ વિજેતા થયેલ પ્રથમ ત્રણ કૃતિને રૂ.૫૧૦૦/-, દ્વિતિય કૃતિને રૂ.૪૧૦૦/- તથા તૃતીય કૃતિને રૂ.૩૧૦૦/-ઈનામ આપવામાં આવશે.

૨) તમામ બાળકોને પ્રોત્સાહક ઈનામ આપવામાં આવશે.

તા.૩૦-૦૯-૨૦૨૪

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી